# હાદી
## માસિક

બાળકો અને નવયુવાનો માટે
જુલાઈ - ૨૦૦૯
રજબુલ મુરજ્જબ હીજરી સન ૧૪૩૦



રૂ. 30/-

# અલ્લાહના નેક નામો

# અલ હાદીયો



અલ્લાહ શબ્દ અલ્લાહ તઆલાનુ પોતાનું અને અસલી નામ છે. બાકી જેટલા નામો છે તે અલ્લાહના ગુણો દર્શાવે છે અને તેમાંથી એક નામ હાદી પણ છે અને તેના બે અર્થ છે (૧) હીદાયત કરવાવાળો અને (૨) હકનો રસ્તો બતાવનાર

## કુરઆનની મીસાલ

અલ્લાહનું આ નામ કુરઆને મજીદમાં ઘણી જગ્યાએ આવેલ છે. એવીજ રીતે સુરએ ફુરકાનની ૩૧મી આયતમાં છે. વકફા બેરબ્બેકા હાદીયન નસીરા.

તરજુમા : અને (એ નબી) આપના પરવરદીગાર આપની હીદાયત અને મદદ માટે કાફી છે અને બીજી જગ્યાએ દર્શાવેલ છે : બેશક અલ્લાહ ઈમાન લાવનારાને સીધા રસ્તાની તરફ હીદાયત કરનાર છે. (સુરએ હજ ૫૪)

## અલ-હાદીયો અને કલેમાતે માસુમીન (અ.સ.)

અને એવીજ રીતે આપણા માસુમીન (અ.સ.)ની દુઆઓ અને ઝિયારતોમાં આ નામ વારંવાર આવેલ છે અને આપણે સાતમી રમજાનુલ મુબારકની દુઆ આમાં પઢીએ છીએ.

તરજુમા : એ મારા અલ્લાહ આ દીવસમાં રોજા રાખવામાં અને નમાજ પઢવામાં મારી મદદ કર અને આ દીવસ (આ મહીના)માં મને મારી જબાનની ભુલોં અને ગુનાહોથી દુર રાખ અને હમેશા તારા ઝીક્ર અને યાદમાં (મશગુલ) રહેવાની તોફીક અતા કર. એ રસ્તો (માર્ગ) ભુલી જનારને હીદાયત કરનાર પરવરદીગાર.

## • અલ-હાદીની ખાસિયતો •

આ ઈસમે ઈલાહી (અલહાદી) ની ઘણી ખાસિયતો છે તેમાથી અમુક નીચે મુજબ છે

(૧) "યા હાદીયો"નો હમેશા વીર્દ કરવાથી અલ્લાહને ઓળખવામાં વધારે મદદ મળે છે

(૨) અલ્લાહ, નબી અને અઈમ્મએ માસુમીન (અ.સ.)ને વધારે અને સારી રીતે ઓળખવા માટે દરરોજ વીસ વાર "યા હાદીયો"નો વીર્દ કરવો જોઈએ

(૩) જે માણસ સુતી વખતે ખાલી પેટે કહે : "અલ હાદીયુલ ખબીરુલ મોબીનો" તો છુપાયેલી વાતોની જાણકારી હાસીલ (પ્રાપ્ત) કરશે

(૪) દીવસમાં સત્તર(૧૭) વાર અને રાતે વીસ વખત "યા હાદીયો"નો વીર્દ કરવો હીદાયતે ખુદાવન્દીની પ્રાપ્તી કરવામાં લાભદાયક અને ફાયદાકરાક છે

(૫) અલ્લાહની માઅરેફત હાસીલ કરવા માટે રાતે (૧૮૫) વખત "યામંય યહદી વલા યોહદ"નો વીર્દ લાભદાયક અને ફાયદાકરાક છે



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

રજબુલ મુરજજબ, હીજરી સન ૧૪૩૦,
જૂલાઈ - ૨૦૦૯

ઝેરે સરપરસ્તી હઝરતે હુજજત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી : સૈયદ મોહમ્મદ રઝા ગરવી
કાર્યવાહક તંત્રી : સૈયદ મોહમ્મદ અખ્તર
સહાયકો : અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
અનુવાદક : સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)
શુશોભન : એ.પી. ગ્રાફીક્સ

## બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો !                                                                                          અસ્સલામો અલયકુમ !

રજબ માસ આપણાં માટે ઘણી બરકતો લઈને આવે છે. આ એ મુબારક મહીનો છે જેમાં ઈમામતના આકાશ ઉપર ચાર–ચાર સૂરજ અને ચાંદ ઉગ્યાં હતાં. એટલે કે આ મહીનામાં ચાર ઈમામોની વિલાદતના દિવસો આવે છે. આ મહીનાની પહેલી તારીખે આપણાં પાંચમા ઈમામ હઝરત મુહમ્મદ બાકિર (અ.સ.), પાંચમી તારીખે આપણાં દસમા ઈમામ હઝરત અલીયુન્નકી (અ.સ.) અને દસમી તારીખે આપણાં નવમા ઈમામ હઝરત મુહમ્મદ તકી (અ.સ.)ની વિલાદત – બા–સઆદતની તારીખો છે જ્યારે આપણાં માટે એક સૌથી મોટી ઈદનો દિવસ તેરમી રજબનો છે કે જે દિવસે આપણાં વહાલા નબી (સ.અ.વ.) પણ જેમની વિલાદતે – બા – સઆદતની ઘણી ઘણી આતૂરતાપર્વક રાહ જોતાં હતાં તે આપણાં પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.)ની વિલાદતનો દિવસ છે.

વહાલા બાળ મિત્રો ! આ અંકમાં અમે આ ચારે ઈમામોની ટુંકી વિગતો આપી છે. તે ખુબ જ ધ્યાનપૂર્વક વાંચજો અને તેને યાદ પણ રાખજો !

જ્યાં વિલાદતની વાત આવે છે, શહાદતની વાત પણ આવે જ છે. આ મહીનામાં બે દિવસો ઘણાં ગમગીન દિવસો છે એટલે કે આ મહીનાની ત્રીજી તારીખે આપણાં દસમા ઈમામ હઝરત અલીયુન્નકી (અ.સ.)ની અને ૨૫મી તારીખે આપણાં સાતમા ઈમામ હઝરત મૂસીએ કાઝિમ(અ.સ.)ની શહાદતો થઈ હતી. તેથી આ બે દિવસો આપણાં માટે શોકના દિવસો છે. અય્યામે ગમની વાત કરીએ તો આ મહીનાની ૨૮મી તારીખ પણ ગમનો દિવસ છે. યઝીદની પજવણી અને બયઅતની માંગણીને કારણે આપણાં ત્રીજા ઈમામ સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ને આ દિવસે પોતાના નાના હઝરત મુહમ્મદ (સ.અ.વ.), પોતાની વહાલી માતા જનાબ ફાતેમતુઝ્ઝહરા (સલા.) અને પોતાના વહાલા ભાઈ હઝરત ઈમામ હસન (અ.સ.)ના મઝારો અને પોતાનું વહાલું વતન મદીના મુનવ્વરાનો ત્યાગ કરીને “સફરે ગુર્બત” ઉપર નીકળી જવાની ફરજ પડી હતી.

આ ઉપરાંત આ માસમાં ૨૭મી રજબનો મુબારક દિવસ પણ આવે છે કે જે દિવસ આપણા નબીએ અકરમ(સ.અ.વ.)ની નબુવ્વત અને રિસાલતનો દિવસ છે અને આ દિવસે રાત્રીએ આપણાં વહાલા નબીને ખુદા (ત.વ.ત.) એ પોતાની પાસે તથા આકાશોની સૈર ઉપર બોલાવ્યાં હતાં, જેને મેઅરાજ કહેવામાં આવે છે.

વહાલા બાળમિત્રો ! તમે પણ આ તમામ દિવસો યોગ્ય રીતે જરૂર મનાવજો.

વહાલા બાળકો ! આ અંક તમારા હાથમાં આવશે ત્યારે વર્ષાઋતુનો પણ પ્રારંભ થઈ ગયો હશે. તમે વરસાદને જરૂર માણજો પરંતુ સાથે પોતાના સ્વાસ્થ્યનો પણ જરૂર ખ્યાલ રાખજો અને તકેદારી રાખજો કે વરસાદમાં થતાં રોગોથી બચી શકાય.

વસ્સલામ

**વિગતો માટે સંપર્ક :** યુરોપ, અમેરીકા અને કેનેડા માટે : **અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

*Bustan -E- Zehra Association*
**Mukhtar Abbas Vasaya**
91, Longthrnton Road, LONDON, SW 16 5QF Tel. : 0044 - 2082866198
Mo.: 00447828958746 E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨
E-mail : hadimasik@yahoo.com



# કુરઆનનો ખૂણો

## પૃથ્વી અને આકાશ

કુરઆને મજીદની ઘણી આયતો અને આપણા ઈસ્લામના આગાઉથી ચાલ્યા આવતા કથનો (રિવાયત) ઉપરથી એવું જાણવા મળે છે કે ખુદાવન્દે આલમે આ પૃથ્વીનું સર્જન બે દિવસમાં કર્યું છે અને અત્યંત મજબૂત પર્વતોને ખીલાઓની જેમ પૃથ્વીમાં ઠોકી દીધા છે. પછી ચાર દિવસમાં સૂર્ય નું સર્જન કરીને આકાશના વાતાવરણમાં મૂકીને તેને પ્રકાશિત કર્યો છે, એ પછી જમીન ઉપર પણીનું વહેણ શરૂ કરેલ અને તે પછી દરેકની આજીવિકા નક્કી કરી હતી.

પછી આકાશનું સર્જન કર્યું હતું. એટલે ધરતીના સર્જન પછી આકાશનું સર્જન કર્યું હતુ. તે વખતે આકાશ ધૂમાડા જેવું અને પાણી વરાળના સ્વરૂપે હતું અને પૃથ્વીની નદીઓ અને સરોવરોમાંથી ઉષ્મા (ગરમી) ઉત્પન્ન થઈ હતી. પછી ખુદાએ પૃથ્વી અને આકાશ જે એકબીજાથી લાગીને હતાં તેમને અલગ-અલગ કરી દીધાં અને આકાશને ઉપર ઉઠાવીને પૃથ્વી માટે છત્ર (છાપરા)ની જેમ બનાવી દીધું. પૃથ્વી અને આકાશના સર્જન પછી ખુદાએ આકાશગંગા-તારાઓ અને અન્ય સૃષ્ટિનું સર્જન કર્યું, પછી આકાશથી દૂર એક નિશ્ચિત અંતરે પૃથ્વીની જાજમ પાથરી અને પછી વૃક્ષો, ઘાંસ, છોડવાઓ અને પ્રાણીઓનું સર્જન કર્યું.

પછીથી જમીનથી જુદા પાડવામાં આવેલ આકાશને સાત આકાશોમાં અથવા સાત વર્ગોમાં વિભાજીત કરી દીધું. દરેક આકાશ માટે એક યોગ્ય વ્યવસ્થા ગોઠવી પૃથ્વીના આકાશમાં ચમકતા તારાઓ - સૂર્ય અને સુંદર ચંદ્રનું સર્જન કર્યું. ચંદ્રના માર્ગમાં અનેક વિરામસ્થાનો (પડાવ) બનાવ્યાં. આમ ચંદ્ર એક રાત્રીમાં એક વિરામસ્થાન (પડાવ) સુધીનું અંતર કાપે છે. અને તેને સૂર્યથી એક નિશ્ચિત અંતરે રાખ્યો જેથી તે એક માસમાં (પૃથ્વીનું) એક ચક્કર કાપી લે અને ચંદ્રના આ (પૃથ્વીના)ચક્કરો ઉપરથી જ માસ અને વરસ બને છે અને લોકો વર્ષનો હિસાબ રાખે છે.

પૃથ્વીમાં દરેક વસ્તુ મનુષ્યોની જરૂરીયાત પ્રમાણે જ (મનુષ્યોને ઉપયોગી થાય તેવી વસ્તુઓ જ) બનાવી અને પૃથ્વીને મનુષ્યોના રહેવા માટેનું સ્થાન બનાવી દીધી. જેથી કરીને કયામતના દિવસે જીવિત કે મૃત્યુ પામેલા (ફરીથી જીવિત થઈને) આ પૃથ્વીમાંથી પ્રગટ થાય.


E-mail : hadimasik@yahoo.com

આવો આપણે "પૃથ્વી અને આકાશ" વિષેની કુરઆને શરીફમાંથી કેટલીક આયતો જોઈએ :

(૧) તે એ ખુદા છે જેણે પૃથ્વીમાં જે કાંઈ છે તે તમારા માટે ઉત્પન્ન કરેલ છે, પછી આકાશ અંગે વિચાર્યુ તો તેમને સાત આકાશ રૂપે બનાવ્યો અને તે દરેક બાબતનો જાણકાર છે. (સૂરા બકરહ - આયત ૨૯)

(૨) અને તેણે (ખુદાએ) આકાશમાંથી પાણી (વરસાદ) વરસાવ્યું અને તેમાંથી ફળફળાદી ઉત્પન્ન કર્યા જેથી કરીને તમને આજીવિકા મળે (સૂરા બકરહ - આયત ૨૨)

(૩) શું તમને ઉત્પન્ન કરવું તે વધારે મુશ્કેલ છે કે આકાશને ? કે જેનો પાયો જગતના ખુદાએ નાખ્યો છે તેનો સામયાણો બાંધ્યો છે અને તેને વ્યવસ્થિત કર્યો અને રાત્રીઓને અંધકારમય અને દિવસોને પ્રકાશિત કર્યા અને તે પછી પૃથ્વીનો ફરશ પાથર્યો અને તેમાંથી પાણી કાઢ્યું અને ચરાણો બનાવ્યાં અને પર્વતોને મજબૂત અને સ્થિર કર્યા. આ તમામ વસ્તુઓ તમારા અને તમારા ચોપગા પશુઓના લાભ માટે છે. (સૂરા નાઝેઆત - આયત ૨૭ થી ૩૨)

(૪) અને જે ખુદાએ પૃથ્વીને તમારા માટે પાથરણું અને આકાશને છત્ર (છાપરું) બનાવેલ છે અને આકાશમાંથી (તમારા માટે) પાણી (વરસાદ) વરસાવ્યું અને તેમાંથી (પૃથ્વીમાંથી) તમારા ભોજન માટે ફળફળાદી ઉત્પન્ન કર્યા તેથી (તે) ખુદાની સાથે બીજા કોઈને શામેલ કરશો નહીં (સૂરા બકરહ - આયત ૨૨)

(૫) અને અમે પૃથ્વી ઉપર સ્થિર અને મજબૂત પર્વતો બનાવ્યાં જેથી તેને (પૃથ્વીને) ભૂકંપો અને ઝટકાઓથી રક્ષણ મળે અને તેમાં માર્ગો બનાવ્યાં જેથી માર્ગદર્શન મળે અને આકાશને એક રક્ષણ કરનાર છત્રની જેમ બનાવ્યું પરંતુ તે છતાંયે તે લોકો આ નિશાનીઓને નકારે છે (સૂરા અંબિયા - આયત ૩૧-૩૨)

(૬) તે એજ ખુદા છે જેણે સૂર્યને પ્રકાશ અને ચંદ્રને રોશની આપી છે અને તેના માટે નિશ્ચિત અંતરો નક્કી કરી જેથી કરીને તેનાથી વરસોની સંખ્યા અને ગણત્રી જાણી શકાય. ખુદાવન્દે આલમે તેને સત્ય વગર ઉત્પન્ન નથી કર્યો અને તે જ્ઞાનીઓ માટે સંજ્ઞાસૂચક છે. ખચિત રીતે રાત્રી અને દિવસની ઉત્પત્તિ અને ખુદાવન્દે આલમે જે કાંઈ પણ પૃથ્વી અને આકાશમાં સર્જન કર્યું છે તે તમામ પરહેઝગારો માટે નિશાનીઓ છે. (સૂરા યુનુસ આયત - ૪-૫)



# ઈસ્લામી શિષ્ટાચાર

## ખાવું અને ખવડાવવું

ભોજન અને પાણી આપણાં જીવનને ટકાવી રાખવા માટે અનિવાર્ય છે. આપણાં વહાલા દીન-ઈસ્લામમાં ખુદાએ સારી અને લાભદાયક વસ્તુઓ ખાવાની આજ્ઞા કરી છે. અને હાનીકારક વસ્તુઓ ખાવાની મનાઈ કરી છે. કુરઆનમાં છે કે "તમે હલાલ અને પવિત્ર (પાકીઝા - સાફસુથરી) વસ્તુઓ ખાઓ" માઅસૂમીન (અ.સ.)ની હદીસો પણ છે "મોમિન માટે સવારે ખાધા-પીધા વગર (ભૂખ્યા પેટે) ઘરમાંથી નીકળવું સારૂં નથી."

એવી જ રીતે બીજાઓને ખવડાવવાનું એટલે કે બીજાઓને પણ ભોજન માટે નિમંત્રણ આપવાની આજ્ઞા આપવામાં આવી છે. આપણાં માઅસૂમીન (અ.સ.) હંમેશા ભૂખ્યા લોકો ઉપરાંત પોતાના અનુયાયીઓને પણ ભોજનનું નિમંત્રણ આપતાં હતાં. નબી (સ.અ.વ.) ફરમાવે છે "જે ઘરમાં અતિથીઓ નથી આવતાં ત્યાં ફરિશ્તાઓ પણ નથી આવતાં." આપ (સ.અ.વ.) એ જ ફરમાવ્યું છે "જે અતિથી સત્કાર નથી કરતો તેમાં કોઈ સારાપણું (ભલાઈ) હોતું નથી." મૌલા અલી (અ.સ.)નું ફરમાન છે કે "જેને અલ્લાહે ધન-દૌલત આપી છે તેણે અતિથીઓને ભોજન માટે બોલાવવા જોઈએ."

પરંતુ પ્રશ્ન એ ઉભો થાય છે કે શું ઈસ્લામ ધર્મમાં જાનવરોની જેમ ખાવા-પીવાની છૂટ છે? કે જે જેવી રીતે ઈચ્છે તે રીતે ખાય અને જેવી રીતે ચાહે તેવી રીતે ખવડાવે. તો તેનો જવાબ છે. "કદીયે નહીં " પરંતુ આપણાં ઈસ્લામ ધર્મમાં ખાન-પાનના શિષ્ટાચાર અને તોર-તરીકા બતાવ્યાં છે. તેથી આપણે પોતે ખાતી વખતે અને મહેમાનોને જમાડતી વખતે કેટલીક વાતો ધ્યાનમાં રાખવી જોઈએ. તે પૈકી કેટલીક વાતો આ મુજબ છે.



(૧) ખાવાનું શરૂ કરતાં પહેલાં "બિસ્મિલ્લાહ-હિર્રહમા-નિર્રહીમ" અને ખાવાનું પતી જાય ત્યારે "અલ્હમ્દોલિલ્લાહ" કહેવું જોઈએ.

(૨) ખાવાની શરૂઆતમાં અને અંતે મીઠું (નમક) ચાખવું જોઈએ.

(૩) હાથ ધોઈને ખાવા બેસવું જોઈએ અને જમણાં હાથે ખાવું જોઈએ.

(૪) નાના કોળિયા બનાવીને ભોજન ઠંડુ કરીને ખાવું જોઈએ.

(૫) ખૂબ ચાવી ચાવીને ખાવું જોઈએ.

(૬) જરૂર કરતાં વધારે ખાવું જોઈએ નહીં.



E-mail : hadimasik@yahoo.com

(૭) બધાંએ ભેગા મળીને સાથે બેસીને ખાવું જોઈએ.

(૮) પૂરા આદર સાથે ખાવું જોઈએ (ખાવા-પીવાની વસ્તુઓનો તિરસ્કાર થાય તેવી રીતે ખાવું જોઈએ નહીં.)

(૯) સીધા બેસીને ખાવું જોઈએ.

(૧૦) ધાર્મિક પ્રકૃતિના લોકો (દીનદાર) સાથે બેસીને ખાવું જોઈએ

(૧૧) જમતી વખતે ગરીબો અને ધનાઢ્યોમાં ફરક રાખવો જોઈએ નહીં. (એટલે તમારે કોઈ ગરીબ વ્યક્તિની સાથે બેસીને ખાવાનો પ્રસંગ આવે તો તેના પ્રત્યે અણગમો દર્શાવ્યા વગર તેને આદર આપીને તેની સાથે પણ ખાવા બેસી જવું જોઈએ.)

(૧૨) ભોજન સમારંભમાં (દાવતમાં) જ્યાં જગ્યા મળે ત્યાં બેસીને ખાવું જોઈએ (એટલે કોઈ ખાસ વિશિષ્ટ જગ્યાનો આગ્રહ રાખવો જોઈએ નહીં.)

(૧૩) અમુક ઓછી સંખ્યામાં આમંત્રણ આપવામાં આવ્યું હોય તો ભોજનની શરૂઆત આમંત્રણ આપનારે પોતે કરવી જોઈએ અને જ્યાં સુધી બીજા બધાં (સાથવાળા) જમી ન લે ત્યાં સુધી તેણે (થોડું થોડું પણ) જમતા રહેવું જોઈએ.

(૧૪) આમંત્રિતો પાસેથી કોઈ કામ લેવું જોઈએ નહીં.

(૧૫) આમંત્રિતો માટે પોતાના કુટુંબના સભ્યોને પણ તકલીફ આપવી જોઈએ નહીં.

(૧૬) આમંત્રિત વ્યક્તિઓ જ્યારે વિદાય લે ત્યારે તેમને ઘરના બારણાં સુધી વળાવવા જવું જોઈએ.

(૧૭) ખાધા પછી હાથને સારી રીતે ધોઈ લેવા જોઈએ.

(૧૮) રાત્રે બેસીને અને દિવસે ઉભા-ઉભા પાણી પીવું જોઈએ.

(૧૯) પાણી પીતાં પહેલાં ''બિસ્મિલ્લાહ - હિર્રહમા - નિર્રહીમ'' કહેવું જોઈએ.

(૨૦) પાણી પીધાં પછી છેવટે મુહમ્મદ (સ.અ.વ.) અને આલે મુહમ્મદ (અ.સ.) ઉપર સલવાત મોકલવી જોઈએ અને અહલેબૈયત (અ.સ.) ખાસ કરીને ઈમામ હુસૈન (અ.સ.)ની તરસ યાદ કરીને તેમને કત્લ કરનારાઓ ઉપર લઅનત મોકલવી જોઈએ.

વહાલા બાળકો ! આ બધી વાતોને બરાબર યાદ રાખીને ખાતી વખતે અને અતિથીઓને ખવડાવતી વખતે તેના ઉપર અમલ કરજો અને પોતાના મિત્રોને પણ આ બધી બાબતો ઉપર અમલ કરવા પ્રેરણા આપજો.



E-mail : hadimasik@yahoo.com

# શયતાનનો ઈન્ટરવ્યુ

(હસો બીજો)

એક વખત શયતાન મલઊન ખાનએ-કાઅબા પાસે ઉભો હતો. રસૂલે ખુદા (સ.અ.વ.) તવાફ કરી રહ્યાં હતાં. આપ (સ.અ.વ.) તવાફ કરી ચુક્યાં તે પછી આપ (સ.અ.વ.) એ શયતાનને જોયો. તે ઘણો નબળો અને અશક્ત થઈ ગયેલો દેખાતો હતો.

આપ સાહેબ (સ.અ.વ.) એ તેને પૂછ્યું "તું શા કારણે આટલો નબળો થઈ ગયો છે ?"

શયતાને કહ્યું "મને આપના અનુયાયીઓ (ઉમ્મત)ના છ ગુણોએ આટલો અશક્ત કરી દીધો છે. હું આકાશ પાતાળ એક કરૂં છું પરંતુ તે ગુણો આપના અનુયાયીઓમાંથી દૂર કરી શકતો નથી."

આપ સાહેબ (સ.અ.વ.) એ ફરમાવ્યું : "તે ગુણો કયા કયા છે ? અને તેમાંથી પ્રથમ કયો છે ?"

શયતાને કહ્યું કે "સૌથી પ્રથમ ગુણ એ છે કે જ્યારે પણ આપના અનુયાયીઓ એક-બીજાને મળે છે તો એકબીજાને સલામ કરે છે અને જવાબમાં સામાવાળો પણ 'અલયકસ્સલામ' કહે છે. અને આ સલામ ખુદાના નામો પૈકી એક નામ છે. તેથી ખુદાવન્દે આલમ તેની બરકતથી આપના અનુયાયીઓને દરેક આફત અને મુસીબતથી બચાવી લે છે અને જે અલયકસ્સલામ કહે છે - ખુદાવન્દે આલમ તેના ઉપર પણ પોતાની કૃપા (રહેમત) વરસાવે છે."

આપ સાહેબ (સ.અ.વ.) એ પુછયું "બીજો ગુણ કયો છે ?"

તેણે કહ્યું "બીજો ગુણ એ લોકોનો એકબીજા સાથે 'હાથ મિલાવવા' તે છે. આ કાર્યનું ખુદાવન્દે આલમ એટલું પુણ્ય (સવાબ) આપે છે કે હાથ મિલાવનાર બંને વ્યક્તિઓ એક-બીજાથી વિખૂટી પડે તેનાથી પણ પહેલાં ખુદા તે બંનેના તમામ ગુના માફ કરી દે છે."

આપ સાહેબ (સ.અ.વ.) એ પુછયું "ત્રીજો ગુણ કયો છે ?"

તેણે જવાબ આપ્યો "ત્રીજો ગુણ એક-બીજાને સારી રીતે સંબોધવા અને નરમાશથી એકબીજાની વાતોનો જવાબ આપવો તે છે. જ્યારે તેઓ સારી રીતે એકબીજાને સંબોધે છે અને નરમાશથી એક બીજાની વાતોનો જવાબ આપે છે





E-mail : hadimasik@yahoo.com

ત્યારે ખુદા પોતાની કૃપા (રહેમત) અને ક્ષમા (બખ્શિસ) વરસાવે છે. પરંતુ તે જ્યારે એક-બીજાની વાતોનો જવાબ નથી આપતાં ત્યારે તેઓ મને ગાઢ નિંદ્રામાંથી જગાડી દે છે અને હું તેમને અવળે માર્ગે દોરવા લાગું છું."

આપ સાહેબ (સ.અ.વ.) એ પુછયું "ચોથો ગુણ કયો છે ?"

તેણે જવાબ આપ્યો "ચોથો ગુણ ખાવાની શરૂઆત કરતી વખતે અને કોઈપણ કાર્યની શરૂઆત કરતી વખતે "બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ" કહેવું તે છે. આ શબ્દો મને તેમનાથી દૂર કરી દે છે. કોઈ આ શબ્દો બોલે તે પછી હું ત્યાં ઊભો પણ રહી શકતો નથી"

આપ સાહેબ (સ.અ.વ.) એ પુછયું : "પાંચમો એવો કયો ગુણ છે જે તને અશક્ત કરી દે છે ?"

તેણે જવાબ આપ્યો "પાચમું આપના અનુયાયીઓનું વાતચીતમાં 'ઈન્શાઅલ્લાહ' કહેવું તે છે. જ્યારે આપના અનુયાયીઓ એકબીજાને કોઈ વાયદો કરે છે તો 'ઈન્શાઅલ્લાહ' કહે છે અને આવી રીતે તેઓ ખુદાની આજ્ઞા ઉપર પોતે સમર્પિત (રાજી) છે તેની જાહેરાત કરે છે."

આપ સાહેબ (સ.અ.વ.) એ પુછયું "એ છઠ્ઠો ગુણ કયો છે જેને કારણે તું આટલો નબળો પડી ગયો છે ?"

તેણે જવાબ આપ્યો "હું સવારથી સાંજ સુધી ખૂબ મહેનત મજુરી કરીને આપના અનુયાયી પાસે પાપ (ગુનાહ) ના કામો કરાવું છું. પરંતુ જ્યારે રાત પડે છે ત્યારે તેઓ ખુદા પાસે પોતાના ગુન્હાઓની માફી (ઈસ્તિગફાર) માંગી લે છે. જેથી ખુદાવન્દે આલમ તેમના ગુન્હાઓને માફ કરી દે છે અને સૌથી વધારે તકલીફ આપનારી વાત તો એ છે કે જ્યારે આપના અનુયાયીઓ આપનું નામ સાંભળે છે તો આપના ઉપર અને આપના અહલેબૈતના ઉપર મોટે સાદે સલવાત (દુરૂદ) મોકલે છે અને જ્યારે પણ હું આપની સલવાત સાંભળું છું ત્યારે તરત જ તેમનાથી દૂર થઈ જાઉં છું અને ખૂબ જ લજ્જિત થઈને ત્યાંથી બહાર નીકળી જાઉં છું."

શયતાનની આ વાતો પૂરી થઈ ત્યારે રસૂલે અકરમ(સ.અ.વ.) એ પોતાના સાથીઓ (અસ્હાબ) તરફ મોઢું કરીને કહ્યું "જેમાં પણ આ છ ગુણ નથી તે ખચિત જહન્નમી (જહન્નમમાં જનાર) છે."

**વહાલા મિત્રો ! આપણે સલામને - હાથ મિલાવવાને - બિસ્મિલ્લાહ હિર્રહમાનિર્રહીમ અને ઈન્શાઅલ્લાહ કહેતાં રહેવાને અને સલવાત મોકલતા રહેવાને હર હંમેશ યાદ રાખવા જોઈએ !!**

# શોકના દિવસો

રજબ માસ જયાં ખુશાલી લઈને આવ્યો છે ત્યાં જ આ માસમાં કેટલીક તારીખો શોક અને ગમ મનાવવાની પણ છે એટલે કે આ માસમાં આપણાં સાતમા ઈમામ(અ.સ.) અને દશમા ઈમામ(અ.સ.)ની શહાદતના દિવસો આવે છે અને પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.)ના મોહસિન (ઉપકાર કરનાર) અને વડીલ જનાબ અબૂતાલિબ (અ.સ.) અને હઝરત ઝયનબ સલામુલ્લાહે અલયહાના અવસાન પણ આ મહીનામાં જ થયેલા છે. ચાલો, તે વિશે ટુંકી જાણકારી મેળવીએ.

**સાતમા ઈમામ(અ.સ.) :** આપને ૨૫ રજબ સન ૧૮૩ હિજરીમાં શહીદ કરવામાં આવ્યા હતાં. શહાદત પહેલા આપને જુદીજુદી સખ્તમાં સખ્ત જેલોમાં સાંકળો વડે બાંધીને રાખવામાં આવતા હતાં. આપ અંતિમ સમયે પણ જેલમાં હતાં. જયાં તે વખતના ખલીફા હારૂન રશીદના હુક્મથી આપને ઝેર આપીને શહીદ કરી દેવામાં આવ્યાં હતાં આપે ૨૦ વરસની વયે ઈમામતનો હોદો ધારણ કર્યો હતો અને ૩૫ વરસ સુધી ઈમામતની ફરજો બજાવી હતી. આ સમયગાળામાં મન્સૂર – મહદી – હાદી અને હારૂન નામના ખલીફાઓ થઈ ગયા હતાં. છેવટે ૫૫ વરસની ઉંમરે આપને શહીદ કરી દેવામાં આવ્યા હતાં અને આપના જનાઝાને બગદાદના પુલ ઉપર મૂકી દેવામાં આવ્યો હતો. જનાઝામાં હકૂમતના કુલ ૫ લોકો હતા પરંતુ જયારે શીયા લોકોને આ ઘટનાની જાણ થઈ તો ઘણી મોટી સંખ્યામાં શીઆ લોકો ત્યાં એકત્રિત થઈ ગયાં હતાં અને શાસકોના માણસોને ભગાડી દઈને તેમની પાસેથી જનાઝો લઈને ખૂબ માન સાથે આપને દફન કરવામાં આવ્યા હતાં.

**દસમા ઈમામઃ** આપને ત્રીજી રજબ સન ૨૫૪ હિજરીમાં શહીદ કરવામાં આવ્યા હતા. આપની વય પાંચ અથવા સાત વરસની હતી ત્યારે આપના વાલિદની શહાદત થઈ ગઈ હતી અને તે પછી આપે ઈમામતની ફરજો સંભાળી લીધી હતી અને ૩૩ વરસ સુધી ઈમામતની જવાબદારીઓ નિભાવી હતી. ઈમામતના કાર્યકાળમાં આપે ખુબ દુઃખ વેઠયાં હતા અને અત્યાચારી ખલીફાઓએ આપને ઘણાં રંજાડ્યા હતાં. આપના કાર્યકાળમાં મામૂન–મોઅતસિમ–વાસીક–મુત્વક્કલ–મુન્તસર અને મુસ્તઈન નામના અત્યાચારી ખલીફાઓ થઈ ગયા હતા અને છેવટનો ખલીફા મોઅતઝ જેણે આપને ઝેર અપાવીને શહીદ કરાવ્યા હતા. શહાદતના સમયે આપની વય ૪૧ વરસ અને અમુક માસની જ હતી. આપ ૧૩ વરસની ઉંમર સુધી જ મદીનામાં રહી શક્યા હતા તે પછી મુતવક્કલ (નામના ખલીફાએ) આપને બળજબરી પૂર્વક સામર્રા મોકલી આપ્યાં હતાં અને જીવનના અંતિમ શ્વાસ સુધી તેમને ત્યાંજ રહેવા ઉપર મજબૂર કરી દીધાં હતાં અને આપ દફન પણ ત્યાં જ થયાં છે.


E-mail : hadimasik@yahoo.com

# મિત્રોનો સાથ-સહકાર

આપણાં વહાલા રસૂલ (સ.અ.વ.) અને તેમના સહાબીઓ પોતપોતાની સવારીઓ ઉપરથી નીચે ઉતર્યાં અને બધાંએ પ્રવાસનો સામાન ખોલી નાંખ્યો. પછી બધાંએ એકબીજા સાથે ચર્ચા કરીને એવું નક્કી કર્યું કે એક બકરો હલાલ કરીને રાંધવામાં આવે.

એક સહાબીએ કહ્યું "બકરાને હલાલ કરવાની જવાબદારી મારી !"

બીજાએ કહ્યું "તેનું ચામડું હું ઉતારી આપીશ."

ત્રીજાએ કહ્યું "ગોશ્ત હું રાંધી આપીશ."

રસૂલ (સ.અ.વ.) એ ફરમાવ્યું "ગોશ્ત પકાવવા માટે જંગલમાંથી લાકડાં હું લઈ આવીશ." બધાં સહાબીઓ એકી અવાજે બોલી ઉઠયાં "યા રસુલુલ્લાહ !" અમારી હાજરીમાં આપે આ તકલીફ લેવાની જરૂર નથી. આપ આરામ ફરમાવો. અમે બધાં મળીને આ કામ સહેલાઈથી કરી લઈશું.

રસૂલ (સ.અ.વ.)એ ફરમાવ્યું "હું જાણું છું કે તમે બધાં મળીને આ કામ સહેલાઈથી કરી નાંખશો. પરંતુ અલ્લાહ પોતાના એવા બંદાને જરાયે પસંદ નથી કરતો જે પોતાના મિત્રો વચ્ચે - પોતાના મિત્રોથી પોતાની જાતને શ્રેષ્ઠ સમજે છે અને પોતાના મિત્રો કરતાં પોતાની હેસિયત અલગ છે એવું સમજતો હોય."

આમ કહીને રસૂલે અકરમ(સ.અ.વ.) જંગલમાં ચાલ્યાં ગયાં અને થોડીવારમાં જ બળતણ અને લાકડાં લઈને આવ્યાં.



# નિર્દોષ હરકતો

શિક્ષકે ઘણી જ કડકાઈથી ચેતવણી આપી હતી કે “આવતીકાલે તમામપાઠો બધાંને યાદ હોવા જોઈએ, નહીં તો હું બધાંને જોઈ લઈશ.” તેથી તમામ બાળકોએ ઘણી મહેનત કરી.

બીજા દિવસે વર્ગમાં જ્યારે અલી પાઠ સંભળાવવા ઉભો થયો ત્યારે તેનો મિત્ર હુસૈન સામે બેસીને નિર્દોષભાવે તેને જોઈ રહ્યો હતો.

અલીની સાથે તેના હોંઠ પણ હલનચલન કરતાં હતાં, જાણે એને બીક હતી કે અલી તેનો પાઠ ભૂલી ન જાય અને અલી જ્યારે પૂરો પાઠ સંભળાવી ચૂક્યો તો એ પોતાની જ્ગ્યાએ એવી રીતે બેસી ગયો જાણે તેના માથેથી ભારે બોજો ઉતારીને પરસેવો લુછતો હોય. હુસૈન છેવટ સુધી નિર્દોષ ભાવે તેને જોતો જ રહ્યો અને જ્યારે પાઠ પૂરો થયો તો તેને લાગ્યું કે જાણે હુસૈન પાઠ સંભળાવતો હતો અને હવે તેના માથા ઉપરથી પણ જાણે ભાર ઉતરી ગયો છે.

અલી પોતાના આ નિર્દોષ મિત્રની દરેક અદા ઉપર કુરબાન હતો, પરંતુ તેની પાસે પોતાના મિત્ર હુસૈન માટે પ્રેમ ભરેલી એક દ્રષ્ટિ સિવાય બીજું કાંઈ ન હતું.

પછી આમ જ સમય પસાર થતો રહ્યો. અને અલીને નિશાળનો એ સમય યાદ આવ્યો અને પોતાના ભૂતકાળની યાદોને વર્ણવતાં કહ્યું : મારા મિત્ર ! મને આજેપણ તમારી પ્રેમભરી દષ્ટિની અદા યાદ આવે છે અને મન મારીને રહી જાઉં છું કે હું તમારાથી ઘણો દૂર થઈ ગયો છું. પરંતુ હજી પણ એ નિર્દોષ દષ્ટિ શોધતો રહું છું. શિક્ષકનો પ્રેમભર્યો વર્તાવ અને જેનાથી મનને શાંતિ મળતી હતી તે મિત્રોની મિત્રતા હવે ક્યાં રહી છે ? હવે તો લોકોની દષ્ટિ જ બદલાઈ ગઈ છે. કોને ખબર છે કે આપણે કેટલો પ્રેમપૂર્ણ સમય વિતાવ્યો છે, જે ફરી મેળવવા હૃદય તડપે છે.

મારા મિત્ર હુસૈન ! આવો આપણે બંને નવી પેઢીને આપણાં વડીલોના પ્રેમપૂર્ણ વ્યવહાર અને તેવી જ નિર્દોષ પ્રેમપૂર્ણ દષ્ટિનો પરિચય કરાવી આપીએ.





E-mail : hadimasik@yahoo.com

# મગજ કસો



વાંદરાને કેળા સુધી
પહોંચવામાં
મદદ કરશો ?



('કિડઝ એઈઝ'ના સૌજન્યથી)

## ત્રણ કપ

અહીં આપેલ અલગ અલગ કલરના ૩ કપમાં ૩ અલગ અલગ વસ્તુઓ છે . સિક્કો, મોતી અને ચાવી.
નીચે આપેલ ૪ સૂચના વડે કયા કલરના કપમાં સિક્કો છે તે તમારે શોધવાનું છે !

(૧) લાલ કપની જમણી બાજુ લીલો કપ છે.
(૨) મોતીની જમણી બાજુ સિક્કો છે.
(૩) ચાવીની જમણી બાજુ લીલો કપ છે.
(૪) વાદળી કપની ડાબી બાજુ મોતી છે.



(જવાબ - વાદળી કપમાં સિક્કો છે.)

## અક્ષરો શોધો

આપેલ વર્તુળમાં "ABCD" ના કેટલાક અક્ષરો ખૂટે છે. ખૂટતા અક્ષરોથી એક પશુનું નામ બને છે, શું તમે તે પશુને શોધી શકશો ?




('કિડઝ એઈઝ'ના સૌજન્યથી)

જવાબ : HORSE

E-mail : hadimasik@yahoo.com

# ઝહૂરે અનવાર

## (પ્રકાશ પુંજોનું પ્રાગટ્ય)

વહાલા બાળકો !

આ મહીનામાં આપણાં ચાર માઅસૂમોની વિલાદત–બા–સઆદત થઈ છે. એટલે કે આપણાં ચાર માઅસૂમો આપણાં માર્ગદર્શન માટે નૂરાની જગતમાંથી આ દુન્યવી જગતમાં આ મહીનાની જ ચાર તારીખોએ તશરીફ લાવ્યાં હતાં. આવો – આપણે તેમના જીવન ચરિત્રની સંક્ષિપ્ત માહિતી મેળવી આપણાં આ ખુશાલીના દિવસોને વધુ પ્રસન્નમય બનાવીએ.

### પ્રથમ રજબ :–

સન ૫૭ હિજરી રજબ માસની પહેલી તારીખે શુક્રવારના દિવસે આપણાં પાંચમાં ઈમામની મદીના શહેરમાં વિલાદત થઈ હતી. આપનું નામ મુહમ્મદ અ.સ. છે. અને બાકિર (અ.સ.) 'શાકિર'– 'હાદિ' –'અમીન' આપના પ્રખ્યાત લકબો એટલે કે વિશેષણ વાચક નામો છે. આપના પુજ્ય પિતા હઝરત ઈમામ સજ્જાદ (અ.સ.) હતાં. અને વાલિદાનું નામ ફાતિમા–બિન્તે–હસન (અ.સ.) હતું. અને આપ પ્રથમ એવા માઅસૂમ છે જે માતા અને પિતા બંને પક્ષે મૌલા અલી (અ.સ.) ના વંશજ હતાં. આપની માતા ઘણાં જ પરહેઝગાર – નેક અને ઈમાનવાળા હતાં. આપ કરબલાના પ્રસંગે પોતાના માતા–પિતા સાથે હતાં. આપે પોતાની ઈમામતનો સમય તે વખતના જુલ્મી સમ્રાટોના સખ્તાઈ ભર્યા કાળમાં પસાર કર્યો હતો. પરંતુ જ્યારે પણ તક મળતી તે દીનની સેવા કરવામાં પાછી પાની કરતાં નહોતાં. આપના ઘણાં બધાં ફઝાઈલો – મોઅજીઝાઓ – વિદ્વતાના કારનામાઓ અને ઈબાદતો તેમજ આઅમાલના દ્દષ્ટાંતો અનેક પુસ્તકોમાં વર્ણવેલાં છે.

### પાંચમી રજબ :–

સન ૨૧૨ અથવા ૨૧૪ હિજરીમાં આ તારીખે આપણાં દસમા ઈમામની મુબારક વિલાદત થઈ હતી. આપનો જન્મ મદીના શહેરની પાસે સિરિયા નામના ગામમાં થયો હતો. આપનું અસલી નામ અલી (અ.સ.) હતું. અને 'હાદી'–'નજીબ'–મુર્તઝા – નકી–આલિમ–ફકીહ–અમીન – તૈયબ વગેરે આપના પ્રખ્યાત લકબો (વિશેષણવાચક નામો) છે. આપની વાલિદાનું નામ 'સમાના મગરેબિયહ' છે. આપ ફક્ત ૮ વરસની વયે 'ઈમામત'ના સ્થાને બિરાજમાન થયાં હતાં. અબ્બાસી ખલીફાઓના અત્યંત સખ્તાઈ ભર્યા કાળમાં આપે જીવન વ્યતિત કર્યુ હતું. તેમ છતાં આપના પ્રતાપથી બધાં જ ડરતાં હતાં અને તેથી જ અબ્બાસી ખલીફાઓએ આપને કોઈ એક જગ્યાએ ઠરીઠામ થઈને રહેવા દીધાં નહોતા. આપની ભક્તિ–ઈબાદત–બંદગી–વિદ્યા સભાઓમાંની સફળતા અને સંયમી જીવન પ્રખ્યાત છે. તેવી રીતે આપ ગરીબોને મદદ કરનાર અને લોકોની મુશ્કેલીઓને સહેલાઈથી દૂર કરનાર તરીકે પણ પ્રખ્યાત છે. આપે લોકોના ઘણાં મુશ્કેલ પ્રશ્નો પણ હલ કરી આપ્યાં હતાં.



E-mail : hadimasik@yahoo.com

## દસમી રજબ :–

સને ૧૯૫ હિજરીમાં આજના દિવસે આપણાં નવમાં ઈમામની મુબારક વિલાદત થઈ હતી. આપનું અસલી નામ'મુહમ્મદ' (અ.સ.) હતું. અને 'અબૂજાઅફર' – જવાદ–અને 'તકી' વિગેરે આપના ખૂબ પ્રખ્યાત લકબો (વિશેષણવાચક નામો) છે. આપ આપણાં આઠમા ઈમામ(અ.સ.) ના ફરઝન્દ હતા. અને આપની વાલિદાનું નામ ખાતૂન હતું. આપ પોતાના પિતાની મોટી વયે જન્મયાં હતાં. તેથી આપનો જન્મ શીઆઓએ ઘણી દુઆઓ અને પ્રતિક્ષા કરી તે પછી થયો હતો તેથી જયારે આપના જન્મથી દરેક શીઆએ સંતોષનો શ્વાસ લીધો હતો અને ઈમામ રિઝા (અ.સ.)એ ફરમાવ્યું હતું કે તમે શીઆઓ માટે આ બાળક કરતાં વધારે મુબારક (શુભ) બાળક હજી સુધી આ જગતમાં જન્મ્યો નથી. આપે પોતાના વાલિદ પછી ખુબ જ સંકટના કપરા કાળમાં પણ ઈમામતનું કર્તવ્ય ઘણી જ સારી રીતે નિભાવ્યું હતું અને ઈસ્લામ ધર્મની દરેક રીતે સેવા કરી હતી.

## તેરમી રજબ :–

નબી (સ.અ.વ.) ની હિજરતથી ૨૩ વરસ પહેલાંની વાત છે જ્યારે જનાબ અબૂતાલિબ (અ.સ.)ના ઘરે એક અન્ય બાળકનો જન્મ થયો હતો. તે બીજા કોઈ નહોતાં પરંતુ આપણાં પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.) હતાં. જેમના જન્મની પ્રતિક્ષામાં આપણાં નબી (સ.અ.વ.) એ ઘણાં વરસો શાંતિ પૂર્વક વીતાવ્યાં હતાં. છેવટે એક દિવસે અલી (અ.સ.) ની વાલિદા (માતા) ખાનએ–કાઅબાની પાસે આવ્યાં. અને તેનો ગલેફ ઝાલીને દુઆ કરી. એકાએક કાઅબાની દિવાલ ફાટી અને આપ અંદર ચાલ્યાં ગયા. દિવાલ ફરીથી સંધાઈ ગઈ. ત્યાં હાજર લોકોએ બારણું ઉઘાડવા પ્રયત્ન કર્યો પરંતુ બારણું ઉઘડ્યું નહીં. છેવટે તેમણે પરત જઈને પોતાની સ્ત્રીઓને આ વાત જણાવી. વાયુ વેગે આ સમાચાર પુરા મક્કા શહેરમાં પ્રસરી ગયા અને મક્કાવાસીઓ પરેશાન અને વ્યાકુળ થઈ ગયાં કે હવે શું થશે ? ત્રણ દિવસ વીતી ગયાં. ચોથા દિવસે જ્યારે ફાતેમા – બિન્તે અસદ (હઝરત અલી અ.સ.ની વાલિદા) ચંદ્ર જેવા બાળકને પોતાના ખોળામાં લઈને બહાર નીકળ્યાં ત્યારે આપણાં પ્યારા નબી (સ.અ.વ.) અને જનાબ અબૂતાલિબ (અ.સ.) તેમના સ્વાગત માટે બહાર મોજુદ હતાં. મક્કાના બીજા લોકો અને સ્ત્રીઓ પણ હતી. બધાં ફાતેમા – બિન્તે–અસદને ઘેરી વળ્યાં. મૌલા અલી (અ.સ.) એ નબી (સ.અ.વ.)ના ખોળામાં આવીને આપની નબૂવતની સાક્ષી પૂરી. અલ્લાહ એક અને એકમાત્ર છે તેનો (તવહીદનો)એકરાર કર્યો. અને આસમાની કિતાબો (તૌરેત –ઝબૂર–ઈંજીલ અને કુરઆનશરીફ)ની તિલાવત કરી. ઘરે પાછા ફર્યાં ત્યારે મક્કાની સ્ત્રીઓએ ખાન–એ–કાઅબામાં શું બન્યું હતું તે જાણવા માંગ્યું ત્યારે જનાબ ફાતેમા–બિન્તે–અસદ એ ફરમાવ્યું કે હું ખુદાની ખાસ દાસી છું. મને ખુદાએ પોતાના ઘરમાં મહેમાન રાખી હતી. જન્નતનું ભોજન અને ફળો મારા માટે મોકલ્યાં હતાં. અને સાથે જ એક ગેબી અવાજ (આકાશવાણી) પણ આવ્યો હતો કે "તમે આ બાળકનું નામ 'અલી'(અ.સ.) રાખજો" તેથી મેં આ બાળકનું નામ અલી (અ.સ.) રાખ્યું છે.

**વહાલા બાળકો ! આપણાં મૌલા (અ.સ.)ની અસંખ્ય ફઝીલતો અને તેમનાથી સંબંધિત અનેક પ્રસંગો છે. એટલા બધાં કે આપણે કલ્પના પણ ન કરી શકીએ.**

# મુસલમાન અને
# એક અહલે કિતાબ

તે દિવસોમાં કૂફ્રા શહેર ઈસ્લામી શાસનનું મહત્વનું કેન્દ્ર હતું. સિરિયા સિવાય સંપૂર્ણ ઈસ્લામી શાસનની દષ્ટિ આ શહેર ઉપર જ કેન્દ્રિત રહેતી કે આ શહેરમાંથી કઈ નવી આજ્ઞા જારી કરવામાં આવે છે કે કયા મહત્વના નિર્ણયો લેવામાં આવે છે.

શહેરથી બહાર એક મુસ્લિમ અને એક અહલે કિતાબ (અહલે કિતાબ એટલે એ ધર્મના અનુયાયીઓ જેમના પયગમ્બર ઉપર અલ્લાહે કિતાબ નાઝિલ કરી હોય. દા.ત. ખ્રિસ્તઓ અને યહૂદીઓ) એમ બે વ્યક્તિઓ એક દિવસ માર્ગમાં એકબીજાને મળે છે. બંનેએ એકબીજાને તે કયાં જાય છે તે વિષે પૂછ્યું. માલૂમ પડ્યું કે મુસ્લિમ વ્યક્તિ કૂફ્રા જઈ રહ્યો હતો અને તે બીજો વ્યક્તિ (અહલે કિતાબ) કૂફ્રા શહેરની પાસે જ એક સ્થળે જવા માંગતો હતો. તેથી બંને વ્યક્તિઓએ નક્કી કર્યું કે ઘણાં લાંબા અંતર સુધી બંનેનો માર્ગ એક જ છે તેથી બંને સાથે જ પ્રવાસ કરશે. જેથી એક બીજાની સાથે વાતોમાં સહેલાઈથી અંતર કપાઈ જાય.

બંનેનો સંયુક્ત રસ્તો એકબીજા સાથે વાતો કરતાં કરતાં ખુબ જ શાંતિ અને આરામપૂર્વક કપાઈ ગયો. આખાયે રસ્તે બંને એક બીજા સાથે જુદા-જુદા વિષયો ઉપર વાતચીત કરતાં રહ્યાં, તેમાં રસ્તો કયાં કપાઈ ગયો તેની ખબર જ ન પડી. છેવટે બંને એ જગ્યાએ આવી પહોંચ્યાં જ્યાંથી બંનેના માર્ગ જુદા થઈ જતાં હતાં. થોડાક સમય પછી જ્યારે પેલા અહલે કિતાબ બીજી વ્યક્તિએ પાછા ફરીને જોયું તો એને એ જોઈને આશ્ચર્ય થયું કે તેનો મુસ્લિમ સાથી કૂફ્રા શહેર તરફ પોતાને રસ્તે જવાને બદલે તેની પાછળ પાછળ જ આવે છે. આ જોઈને તે અહલે કિતાબ ઉભો રહી ગયો અને પોતાના મુસ્લિમ સાથીને પુછયું "શું તમે એવું નહોતું કહયું કે તમે કૂફ્રા શહેર તરફ જશો ?" પેલી વ્યક્તિએ કહ્યું "હું તો અત્યારે પણ કહૂં છું કે મારે કૂફ્રા શહેર તરફ જવું છે." તો પછી આ દિશામાં કેમ આવો છો. કૂફ્રા જવા માટેનો એકમાત્ર માર્ગ તો પાછળ રહી ગયો છે."



E-mail : hadimasik@yahoo.com

"હું જાણું છું. પરંતુ મારી ઈચ્છા છે કે થોડાક અંતર સુધી તમારો સાથ આપું. - કેમકે અમારા પયગમ્બર સાહેબ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે" "જ્યારે બે વ્યક્તિઓ એકબીજા સાથે વાતો કરતાં કરતાં પ્રવાસ કરતાં હોય તો એક સાથીનો બીજા સાથી ઉપર કેટલોક હક બની જાય છે. તેથી હું તારો હક અદા કરવા થોડાક અંતર સુધી તારી સાથે આવી ગયો છું. તે પછી હું મારા રસ્તે પાછો ફરી જઈશ."

"ઓહ ! તમારા પયગમ્બર સાહેબ (સ.અ.વ.) એ લોકો ઉપર આટલો મોટો પ્રભાવ પાડ્યો છે. હવે સમજાય છે કે આ એમનો સદાચાર જ હતો જેને કારણે ઈસ્લામ આટલી ઝડપે પ્રસરી ગયો."

પરંતુ તે પછી તે અહલે કિતાબ વ્યક્તિને વધુ આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે તેણે જાણ્યું કે તેનો મુસ્લિમ સાથી બીજું કોઈ નહીં પરંતુ તે સમયના ખલીફા હઝરત અલી (અ.સ.) પોતે હતાં. કેટલાંક દિવસો પછી તે અહલે કિતાબ વ્યક્તિ મુસલમાન થઈ ગયો અને હઝરત અલી (અ.સ.)ના વફાદાર મોમિન સાથીઓમાં તેની ગણત્રી થવા લાગી.

**વહાલા બાળકો ! આ પ્રસંગ ઉપરથી આપણને જાણવા મળે છે કે :**

(૧) જાતના દરેક વ્યક્તિને યોગ્ય માન સમ્માન આપવું જોઈએ, પછી કોઈપણ ધર્મનો અનુયાયી કેમ ન હોય.

(૨) પ્રવાસમાં એક-બીજા સાથે સારી વાતો કરવી જોઈએ - સારી વર્તણૂંક કરવી જોઈએ.

(૩) પ્રવાસમાં સાથીઓને સાથ આપવો જોઈએ.

(૪) પ્રવાસ પૂરો થયા પછી પણ બીજા સાથીને થોડાક અંતર સુધી વળાવવા જવું જોઈએ.



# હસો અને હસાવો

## ટુચકાઓ



બે બાળકો એક રસ્તાની બાજુમાં લડી રહ્યાં હતા અને એક ત્રીજો બાળક ત્યાં ઉભો રહીને તેમને લડતાં જોઈ રહ્યો હતો. થોડીવારમાં ત્યાંથી એક ઘરડી સ્ત્રી નીકળી. તેણે ઉભા રહીને લડાઈ જોનાર બાળકને કહ્યું "તું ઉભો ઉભો શું જુએ છે - તે બંનેને છોડાવને" તે બાળકે કહ્યું "તમે જાવ-તમારૂં કામ કરો. આ બંનેને લડાવવા માટે મેં બે કલાક મહેનત કરી છે. એટલે હવે બે મિનિટમાં તેમને કેવી રીતે છોડાવી દઉં !!!"

એક ચૌટામાં લોકો એક ચોરને બાંધીને મારી રહ્યાં હતાં. એક મોલવી સાહેબ ત્યાંથી પસાર થયાં. તો ચોરે મોલવી સાહેબના કપડાં પકડી લઈને તેમને પોતાની ભલામણ કરવા કહ્યું. મોલવી સાહેબે પુછયુ "ભાઈઓ આને કેમ મારો છો ?" લોકોએ કહ્યું "આણે ચોરી કરી છે " તો મૌલવી સાહેબે કહ્યું : આને મારવાનું બંધ કરો. આણે ચોરી કરી છે તેથી આની સજા તો એ છે કે આના હાથ કાપી નાંખો !" આ સાંભળીને ચોરે બૂમ પાડીને કહ્યું - મોલવી સાહેબ ! તમે તો ચાલ્યા જ જાવ ! તમને ખુદાના સમ! મેં જ તમને ભલામણ કરવાનું કહીને ભૂલ કરી છે.

એક દિવસ મુલ્લા નસીરૂદ્દીન પોતાની વાડીમાં આવ્યાં તો તેમણે જોયું કે એક ચોર અને એક ગધેડો ફળ ખાઈ રહ્યાં છે. મુલ્લાએ ચોરને પકડી લીધો અને ઝાડ સાથે બાંધીને તેને મારવાનું શરૂ કર્યું. ચોરે કહ્યું હે માણસ ! તુ મને જ કેમ મારે છે ! આ ગધેડો પણ ખાઈ રહ્યો હતો એને પણ કેમ નથી મારતો ? મુલ્લાએ કહ્યું : એ તો અહિયાં આવીને ફક્ત ખાય છે. તું તો ખાય પણ છે અને સાથે પણ લઈ જાય છે ! ગધેડો તો પ્રાણી છે અને તું માણસ છે. ચોરીના અપરાધમાં તારા તો હાથ કાપવામાં આવશે.





E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી

**و اذا حييتم بتحية فحيّوا باحسن منها او ردّوها**

**જ્યારે કોઈ તમને કંઈક ભેટ આપે તો તમે તેણે આપેલી વસ્તુ કરતાં વધુ સારી વસ્તુની ભેટ આપો.**



વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.



# રજબુલ મુરજજબ માસની તારીખવાર ઘટનાઓ

આદરણીય વાચકો ! આવો આપણે આ મુબારક મહીનાની તારીખવાર ઘટનાઓ વિષે જાણીએ.

**૧- રજબ :** આજના દિવસે હઝરત ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.)ની વિલાદત થઈ હતી. આપની વિલાદત શુક્રવારના દિવસે સન ૫૭ હિજરીમાં થઈ હતી.

**3- રજબ :** મશહૂર છે તે પ્રમાણે આજના દિવસે સન ૨૫૪ હિજરીમાં ૪૧ વરસની વયે ઈમામ નકી (અ.સ.)ને મોઅત્તઝ બિલ્લાહએ ઝેરથી શહીદ કરાવી દીધાં હતાં.

**૫- રજબ :** (૧) આજના દિવસે સન ૨૧૪ હિજરીમાં ઈમામ અલી નકી (અ.સ.)ની વિલાદત થઈ હતી.

(૨) આજના દિવસે જનાબ અલી અસગર (અ.સ.)ની સન ૬૦ હીજરીમાં વિલાદત થઈ હતી. (તારીખે સામરાઅ-ભાગ.૫ા.૩૦૨) આપનું બાબુલ હવાઈજ-રઝીઅ-મઝબૂહુમિન ઉઝને ઈલલ ઉઝનના ઈલ્કાબોથી યાદ કરવામાં આવે છે. આપનું અસલી નામ અબ્દુલ્લાહ છે અને આપના માતા રૂબાબ (અલયહસ્સલામ) હતાં.

**૧૦- રજબ :** આજના દિવસે આપણા નવમા ઈમામ મોહંમદ તકી (અ.સ.)ની વિલાદત થઈ હતી.

**૧૩- રજબ :** આજના દિવસે આપણાં પહેલા ઈમામ અલી (અ.સ.)ની પુણ્યશાળી વિલાદત થઈ હતી.

**૧૫- રજબ :** (૧) આજના દિવસે હઝરત ઝયનબ (સલા.)ની વફાત થઈ હતી. આપ (સલા.)ની વફાત રવિવારના દિવસે સને ૬૨ હિજરીમાં થઈ હતી. આપનું નામ અલ્લાહની આજ્ઞા પ્રમાણે રસૂલે અકરમ (સ.અ.વ.)એ પોતે રાખ્યું હતું. અને આપે પોતાના જીવનમાં ઘણાં દુઃખ વેઠ્યાં છે.



E-mail : hadimasik@yahoo.com

(૨) આજના દિવસે સન ૨ હિજરીમાં પહેલાં કિબ્લા 'બયતુલ મુકદ્દસ'ની દિશામાંથી દિશા બદલીને મુસલમાનોને 'ખાનએ-કાઅબા'ની દિશામાં મોઢું કરીને નમાઝ પઢવાનો હુકમ આવ્યો હતો.

૨૪- રજબ : (૧) આજના દિવસે સન ૭ હિજરીમાં હઝરત અલીએ 'ખયબર' નામનો કિલ્લો સર કર્યો હતો. (૨) આજના દિવસે જ હઝરત અલીના ભાઈ જનાબ જાઅફર તૈયાર હબશાથી પાછા ફર્યા હતાં.

૨૫- રજબ : આજના દિવસે જનાબ મુસા કાઝિમ(અ.સ.)ની શોકમય શહાદત થઈ હતી. સને ૧૮૩ હિજરીમાં આપની શહાદત ઝેરથી થઈ હતી. આપને 'હારૂન રશીદ' નામના એક ખુબ જ અત્યાચારી ખલીફાએ શહીદ કર્યા હતાં.

૨૬- રજબ : રસૂલે અકરમ(સ.અ.વ.)ની મક્કાથી મદીના તરફની હિજરતના ત્રણ વરસ પહેલાં સને ૧૦ બઅસતમાં આજના દિવસે જનાબ અબૂ તાલિબ (અ.સ.)ની વફાત થઈ હતી. આપનું અસલી નામ ઈમરાન હતું. આપે પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.)ની હંમેશાં દરેક પ્રસંગે રક્ષા કરી હતી અને મદદ કરી હતી.

૨૭- રજબ : આજના દિવસે આપણાં નબીયે અકરમ(સ.અ.વ.) ની નબુવ્વત અને રિસાલતનો પ્રારંભ થયો હતો. આજનો દિવસ 'બઅસતનો દિવસ' કહેવાય છે. અને આજની તારીખની રાત્રીએ આપણાં નબીએ અકરમ(સ.અ.વ.)ને 'મેઅરાજ' પણ થઈ હતી.

૨૮- રજબ : આજના દિવસથી કરબલાના શોકમય પ્રસંગનો પ્રારંભ થયો હતો કારણ કે સન ૬૦ હિજરીમાં આજના દિવસે જ ઈમામ હુસૈન (અ.સ.)ને મદીના છોડવું પડ્યું હતું.

# બાળકોની ડાયરી



વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




સાદિક રિઝવી, અમદાવાદ.






નુરાની નરજીસ ફાતેમા પી., જુહાપુરા, અમદાવાદ.




અલમાસ એ. રાજાણી, મહુવા.





E-mail : hadimasik@yahoo.com

# બાળકો–સલામ કરવાનું ભુલતાં નહીં !

એક છોકરો હતો. તેનું નામ અલી હતું. અલી ઘણો સારો છોકરો હતો, પરંતુ તેને કોઈને પણ સલામ નહીં કરવાની ખરાબ ટેવ હતી.

એક દીવસ બપોરે તે નિશાળેથી ઘરે પાછો આવતો હતો ત્યારે પોતાના ઘર પાસેની એક દુકાને ગયો અને દુકાનવાળાને કહ્યું : "અહેમદચાચા ! મારે જેમ્સનું એક પેકેટ અને ફુગ્ગો જોઈએ છે"

અહેમદચાચાએ તેને જોયો અને કહ્યું : "અલી ! તે સલામ કેમ ના કરી ? તું ક્યારથી આવો અસંસ્કારી થઈ ગયો છે? તું તો હવે સમજદાર થઈ ગયો છે  તો પછી પોતાનાથી મોટી વ્યક્તિઓને સલામ કેમ નથી કરતો? મારી પાસે તારા જેવા અસંસ્કારી બાળકો માટે કંઈ નથી. ન તો જેમ્સ કે ન ફુગ્ગા !"

આવું સાંભળીને અલી દુ:ખી થઈ ગયો. દુકાનેથી તે સીધો પોતાના ઘરે ગયો. સાંજે જ્યારે તડકો ઓછો થયો અને તેણે હોમવર્ક પણ કરી લીધું તે પછી તે પોતાના મિત્ર હાદીને મળવા તેના ઘરે ગયો. જ્યારે તેણે હાદીના ઘરના બારણે ડોરબેલ વગાડ્યો ત્યારે હાદીની માતાએ બારણું ઉઘાડ્યું. અલીએ કહ્યું : "હાદી ક્યાં છે ? શું જાગે છે! તેને કહો કે ફુટબોલ લઈ આવે." હાદીની માતા અલીના આવા વર્તનથી નારાજ થઈ ગયાં અને પોતાની નારાજગી વ્યક્ત કરતાં કહ્યું : "જે બાળકમાં પોતાનાથી મોટાને સલામ કરવાના સંસ્કાર પણ ન હોય તે મારા દિકરાનો મિત્ર થવાને લાયક નથી." અને આટલું બોલીને ઘરના બારણાં બંધ કરી દીધા.

આ બનાવ પછી અલી ઘણો જ દુ:ખી થઈ ગયો અને પોતાના ઘરે પાછો આવી ગયો. અલીની માતાએ જ્યારે તેને દુ:ખી જોયો તો પુછ્યુ : "આટલો દુ:ખી કેમ છે ?" ત્યારે અલીએ તેની સાથે બન્યા હતા તે બંને પ્રસંગો કહી સંભળાવતા અલીની માતાએ કહ્યું, "જો દીકરા અલી ! પોતાનાથી મોટાને સલામ કરવાનું કદી ભુલતો નહીં. જો તુ મોટેરાઓને સલામ કરીશ તો બધા જ કહેશે, અલી કેટલો સારો બાળક છે."

મોડેથી અલીની માતાએ તેને પૈસા આપ્યાં અને કહ્યું : "અલી! જા અને રોટલીવાળાની દુકાનેથી બે રોટલીઓ લઈ આવ. પરંતુ રોટલીઓ ગરમ અને તાજી લાવજે."

અલી જ્યારે રોટલીઓ લાવવા ઘરેથી નીકળી રહ્યો હતો ત્યારે અલીની માતાએ તેને કહ્યું : "દીકરા અલી ! સલામ કરવાનું ભુલતો નહીં !"

અલી રોટલીવાળાની દુકાને ગયો ત્યારે તેને તેની માતાની સલામ કરવાની વાત યાદ આવી ગઈ. તેણે દુકાનવાળાને કહ્યું "શાકિરચાચા ! સલામુન અલયકુમ!"

શાકિરચાચાએ અલીને પ્રેમથી જોઈને જવાબ આપ્યો "વ અલયકુમુસ્સલામ! દીકરા અલી! કેમ છો ?"

અલીએ ખુશ થઈને કહ્યું "શાકિરચાચા! મારે બે રોટલીઓ જોઈએ છે." શાકિરચાચાએ કહ્યું "કરીમ– જા અને આવા સારા અને સંસ્કારી બાળક માટે બે ગરમ–ગરમ તાજી રોટલીઓ લઈ આવ."

તે પછી અલીએ નિશ્ચય કરી લીધો કે હવેથી તે દરેક ને સલામ કરશે અને પોતાનાથી મોટેરાઓને માન આપશે.





# દીની જાણકારી

## રજબ માસની કેટલીક મહત્વપૂર્ણ ઘટનાઓ

***વહાલા બાળકમિત્રો !***
***ચાલો આપણે રજબ માસની કેટલીક મહત્વપૂર્ણ ઘટનાઓની માહિતી જાણી લઈએ.***

**બઅસતે નબી (સ.અ.વ.) :** આ મહીનાની ૨૭મી તારીખને ‘યવમે બઅસત’ કહેવામાં આવે છે. અરબી ભાષામાં ‘બઅસત’નો અર્થ ‘મોકલવું’ એવો થાય છે. આ તારીખે આપણાં નબીયે અકરમ(સ.અ.વ.) ની ઉંમરના ચાલીસમાં વરસે ખુદાવન્દે આલમે તેમના નબી અને રસૂલ હોવાની ઘોષણા કરી હતી અને તેમને લોકોને અલ્લાહના માર્ગનું માર્ગદર્શન પૂરૂ પાડવાની આજ્ઞા આપી હતી તેથી ૨૭મી રજબને ‘‘બઅસતે નબી (સ.અ.વ.)’’ નો દિવસ કહેવામાં આવે છે. ઈસ્લામી જગતમાં આ દિવસ ઘણી મોટી ઈદનો દિવસ ગણાય છે. આ દિવસે નબીયે અકરમ(સ.અ.વ.) ઉપર પ્રથમ વખત વહી (અલ્લાહ તરફથી ફરિશ્તા-જિબ્રઈલ મારફતે નબી સ.અ.વ. ઉપર મોકલવામાં આવતો સંદેશો-કે આજ્ઞા) મોકલવામાં આવી હતી. આ દિવસે હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને આલે મુહમ્મદ (અ.સ.) ઉપર ઘણાં મોટા પ્રમાણમાં સલવાત મોકલવાની, પયગમ્બર સાહેબ (સ.અ.વ.) અને ઈમામ અલી (અ.સ.)ની ઝિયારત પઢવાનો અને રોઝો રાખવાનો ઘણો જ સવાબ છે. કુરઆન મજીદમાં નબી (સ.અ.વ.) ની બઅસત અને તેના કારણો અને જરૂરીયાત વિશે ઘણી આયતો છે. પુસ્તકોમાં પણ ‘‘બઅસત’’ના પ્રસંગને વર્ણવવામાં આવેલ છે. એનો સારાંશ એ છે કે નબી (સ.અ.વ.) મક્કા શહેરના કલૂષિત વાતાવરણમાંથી નીકળીને નજીકના નાના પર્વતોમાં આવેલ ‘હિરા’ નામની એક ગુફામાં જઈને ખુદાની ઈબાદત કરતા હતાં. ઘણાં દિવસો પસાર થઈ ગયાં તે પછી એક દિવસે ૨૭મી રજબના દિવસે ખુદા તરફથી ‘જિબ્રઈલ’ નામના ફરિશ્તા આવ્યાં અને હઝરત મુહમ્મદ (સ.અ.વ.) ને ‘‘નબુવત અને રિસાલત’’ ની મુબારક બાદી આપી અને લોકોને હિદાયત પહોંચાડવા માટે કમર કસવાનો અલ્લાહનો સંદેશો પહોંચાડ્યો. આપ શહેરમાં પરત આવ્યાં. અને પોતાની વફાદાર પત્નિ ખદીજાને આ બધું કહી સંભળાવ્યું. ઈમામ અલી (અ.સ.) અને જનાબ ખદીજા સૌ પ્રથમ આપ ઉપર ઈમાન લાવ્યાં. અને અલ્લાહની આજ્ઞા પાલનનો સ્વીકાર કર્યો. જનાબ અબૂતાલિબ (અ.સ.) એ દરેક ક્ષેત્રમાં દરેક રીતે આપની સહાયતા-મદદ અને રક્ષણની જવાબદારી સંભાળી લીધી. આ રીતે આપ (સ.અ.વ.) એ ઈસ્લામના પ્રચાર પ્રસારનો આરંભ કર્યો.



E-mail : hadimasik@yahoo.com



**મેઅરાજે નબી (સ.અ.વ.) :** આ મહીનાની ૨૭મી તારીખની રાત્રે જ આપણાં નબી (સ.અ.વ.) ને 'મેઅરાજ' મળી હતી. એટલે કે ખુદાવંદે આલમે પોતાના ખાસ ફરિશ્તાં 'જિબ્રઈલ'ને મોકલીને આપણાં નબી (સ.અ.વ.) ને પોતાની પાસે 'અર્શ' ઉપર બોલાવ્યાં હતાં. આ પ્રવાસમાં આપણાં નબી (સ.અ.વ.) એ આકાશો-પૃથ્વીઓ-જન્નત અને જહન્નમની સહેલ પણ માણી હતી. ફરિશ્તાઓ અને નબીઓથી મુલાકાત પણ કરી હતી. અને અંતિમ સરહદ સુધી પહોંચીને બારગાહે ખુદાવન્દીમાં પહોંચ્યા ત્યારે અલ્લાહ એ પોતાના નબી સાથે આપણાં મૌલા અલીની વાણીમાં કેટલીક રાઝની વાતો પણ કરી હતી. આ 'મેઅરાજ' ના પ્રવાસેથી આપણાં નબી (સ.અ.વ.) જ્યારે પરત થયાં ત્યારે નમાઝ જેવી એક સર્વશ્રેષ્ઠ ઈબાદતની સોગાત પણ સાથે લાવ્યાં હતાં.

**હબશાની હિજરત :** આ મહીનાની જ છેલ્લી તારીખોમાં મક્કા શહેરથી 'હબશા' નામના શહેર તરફ નબી (સ.અ.વ.) ની આજ્ઞાથી હિજરત કરી હતી. આ હિજરતમાં ૬૦ થી ૭૦ વ્યક્તિઓ શામેલ હતી. જેમાં પુરૂષો સાથે સ્ત્રીઓ અને બાળકો પણ હતાં. નબી (સ.અ.વ.) એ આ બધાનાં સરદાર આપણા મૌલા અલી (અ.સ.) ના મોટાભાઈ 'જાઅફરે તૈયાર' ને બનાવ્યા હતાં. જ્યારે આપણાં નબી (સ.અ.વ.) ની રિસાલત જાહેર કરવામાં આવી ત્યારે તેમણે ત્રણ વરસ સુધી ગુપ્ત રીતે ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. જેમાં કેટલાંક લોકો મુસલમાન થઈ ગયાં હતાં. ત્યાર પછી જ્યારે ખુલ્લી રીતે જાહેરમાં ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યાં ત્યારે અબૂલહબ, અબૂજહલ અને અબૂ સુફયાન જેવા મક્કા શહેરના મોટા માથાઓ ઈસ્લામના દુશ્મન બની ગયા હતાં. અને તેમણે મુસલમાનોનું ત્યાં જીવવું મુશ્કેલ કરી દીધું હતું તેથી એવું નક્કી કરવામાં આવ્યું કે હવે મક્કા શહેરને છોડી દેવામાં આવે. તે કારણે 'હબશા' નામના શહેર તરફ હિજરત કરવામાં આવી હતી. 'હબશા' ની પસંદગી એટલા માટે કરવામાં આવી કારણ કે ત્યાંનો રાજા ન્યાયપ્રિય અને નેકદિલ હતો. તે જેમના ઉપર જુલ્મ થયો હોય તેવી વ્યક્તિઓની મદદ કરતો હતો. તેથી જ કુફ્ફારે મક્કાના માણસો આ હિજરત કરીને આવેલા આ મૂળ મક્કાવાસી મુસલમાનોને કબ્જે કરવા જ્યારે 'હબશા' ગયાં ત્યારે તે રાજાએ તેમને પરત સોંપવાની સ્પષ્ટ ના પાડી દીધી અને તેમને 'હબશા' માં રહેવાની પરવાનગી આપી હતી. તેથી જનાબ 'જાઅફર તૈયાર' ત્યાં રહેવા લાગ્યાં અને તેઓ રાજાના દરબારમાં પણ જતાં હતાં. જનાબ 'જાઅફર તૈયાર' એ ત્યાં રહીને ખુલ્લી છૂટથી ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કર્યો અને ત્યાંના ઘણાં લોકોને મુસલમાન બનાવ્યાં. તેમના પ્રચાર-પ્રસારને કારણે જ ત્યાંનો રાજા પણ મુસલમાન થઈ ગયો. જેનું આ મહીનામાં જ સન ૯ હિજરીમાં અવસાન થતા નબીએ અકરમ (સ.અ.વ.) એ 'નમાઝે જનાઝા' પણ પઢાવી હતી.



**કિબ્લાની દિશામાં ફેરફાર :** શરૂઆતમાં અલ્લાહ (ત.વ.ત.) તરફથી મુસલમાનોને 'બયતુલ મુક્કદસ' નામના સ્થળ-કે જે જનાબ સુલેમાન નબી (અ.સ.) એ બનાવેલ કિલ્લો હતો. તેની તરફ મોઢું કરીને નમાઝ પઢવાનો હુકમ આપવામાં આવ્યો હતો. પરંતુ સન -૨ હિજરીમાં જ્યારે નબી (સ.અ.વ.) કેટલાંક મુસલમાનો સાથે 'ઝોહર'ની નમાઝ પઢી રહ્યાં હતાં ત્યારે બે રકઅત થઈ ગયાં પછી નબી (સ.અ.વ.) ને નમાઝની વચ્ચે જ મોઢું 'ખાનએ કાઅબા' તરફ કરી દેવાની (અલ્લાહ તરફથી) આજ્ઞા આવી ગઈ હતી. નબી (સ.અ.વ.) એ તુર્ત ચાલૂ નમાઝમાં જ તે આજ્ઞાનું પાલન કરીને પોતાનું મોઢું (નમાઝ પઢવાની દિશા બદલીને) 'ખાન-એ-કાઅબા'ની તરફ કરી દીધું. હઝરત અલી (અ.સ.) એ પણ તુર્તજ તેનું અનુસરણ કર્યું. આ બનાવ 'બની સાલિમ' નામની મસ્જિદમાં બન્યો હતો. જેને તે પછી 'મસ્જિદે ઝીલ-કિબ્લતૈન' એટલે 'બે કિબ્લાઓવાળી મસ્જિદ' કહેવામાં આવે છે.

**ખયબરના કિલ્લાનો વિજય :** સને ૭ હિજરીમાં આ રજબના માસમાં જ 'ખયબર' તરીકે પ્રખ્યાત થએલ એક યુધ્ધ થયું હતું. મુસલમાનોએ 'ખયબર' નામના સ્થળે યહૂદીઓના મોટા-મોટા કિલ્લાઓને ઘેરી લીધા હતાં. તે સ્થળે સાત કિલ્લા હતા. તેમાં 'કમૂસ' નામનો એક સૌથી મજબૂત કિલ્લો પણ હતો. ૪૦ દિવસ સુધી આ લડાઈ ચાલતી રહી. પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહીં. મુસલમાનો મોટા મોટા સરદારોની આગેવાની હેઠળ લડવા જતાં. પરંતુ યહૂદીઓના પહેલવાનોને જોઈને નાસી આવતાં હતાં. છેવટે ૪૦માં દિવસે નબી (સ.અ.વ.) એ આપણાં મૌલા અલી (અ.સ.)ને ખુદાના અને પોતાના મિત્ર બહાદૂર-કર્રાર-મરદ-એવા વિશેષણોથી નવાજીને લશ્કરનો અલમ(ધજા) તેમને સોંપીને તેમને યુધ્ધ કરવા મોકલ્યાં હતાં. મૌલા અલી (અ.સ.) એ પ્રથમ હુમલામાં જ દુશ્મનોનો સપાટો બોલાવી દીધો અને ખુબ જ મજબૂત એવા 'ખયબરના કિલ્લા' નો દરવાજો પોતાના હાથે ઉખાડીને ફેંકી દીધો હતો. આમ આ 'ખયબર' ના કિલ્લાનો વિજય આપણાં મૌલા અલી (અ.સ.)ના મુબારક હાથે થએલ.



# અમારા પ્રશ્નો - આપના જવાબો

પ્રશ્ન-૧ એક રજબના દિવસે કયા ઈમામની વિલાદત થઈ હતી ?

(અ) ઈમામ બાકિર (અ.સ.) (બ) ઈમામ સાદિક (અ.સ.)

(ક) ઈમામ અલી (અ.સ.) (ડ) ઈમામ અસ્કરી (અ.સ.)

પ્રશ્ન-૨ ત્રણ રજબના દિવસે કયા ઈમામની શહાદત થઈ હતી ?

(અ) ઈમામ હસન (અ.સ.) (બ) ઈમામ સજ્જાદ (અ.સ.)

(ક) ઈમામ અલીનકી (અ.સ.) (ડ) ઈમામ મુહમ્મદ તકી (અ.સ.)

પ્રશ્ન-૩ ઈમામ અલી (અ.સ.) ની વિલાદત કઈ તારીખે થઈ હતી ?

(અ) ૧-રજબ (બ) ૮-શાબાન

(ક) ૯-રબીઉલ અવ્વલ (ડ) ૧૩-રજબ

પ્રશ્ન-૪ કિબ્લાની દિશાફેર (તબદીલીયે-કિબ્લા) કઈ તારીખે થઈ હતી ?

(અ) ૧-શવ્વાલ (બ) ૧૮-રમઝાન

(ક) ૧૫-રજબ (ડ) ૨૮-રબીઉસ્સાની

પ્રશ્ન-૫ ૧૮ રજબના દિવસે રસૂલ (સ.અ.વ.) ના કયા ફરઝન્દ (પુત્ર)નું અવસાન થયું હતું ?

(અ) કાસિમ(રહ.) (બ) તૈયબ (રહ.)

(ક) ઈબ્રાહીમ(રહ.) (ડ) તાહિર (રહ.)

પ્રશ્ન-૬ રસૂલ (સ.અ.વ.) ને મેઅરાજ કઈ તારીખે થઈ હતી ?

(અ) ૫-જમાદીયુલઅવ્વલ (બ) ૬-સફર

(ક) ૨૭-રજબ (ડ) ૨૬-રજબ

પ્રશ્ન-૭ ૧૫મી રજબના દિવસે કઈ શેહઝાદીની શહાદત થઈ હતી ?

(અ) જનાબ ઉમ્મે કુલસૂમ(સલા.) (બ) જનાબ રૂકય્યા (સલા.)

(ક) જનાબ સકીના (સલા.) (ડ) જનાબ ઝયનબ (સલા.)

પ્રશ્ન-૮ ઈમામ મૂસા કાઝિમ(અ.સ.)ની શહાદત કઈ તારીખે થઈ હતી ?

(અ) ૨૫-રજબ (બ) ૨૩-રજબ

(ક) ૮-રબીઉલ અવ્વલ (ડ) ૬-જમાદીયુસ્સાની

પ્રશ્ન-૯ ૨૬-રજબના દિવસે કયા મહાપુરુષ (શખ્સિયત) ની વફાત થઈ હતી ?

(અ) જનાબ સલમાન ફારસી (બ) જનાબ અબૂઝર

(ક) જનાબ અબૂતાલિબ (ડ) જનાબ મિકદાદ

પ્રશ્ન-૧૦ ઈમામ હુસૈન (અ.સ.)એ કઈ તારીખે મદીનાનો ત્યાગ કર્યો હતો ?

(અ) ૨૮-રજબ (બ) ૧૦-રબીઉલ અવ્વલ

(ક) ૫-રજબ (ડ) ૧૨-શવ્વાલ

# ખયબર

જ્યારે ઈસ્લામી સૈન્ય મજબૂત થઈ ગયું ત્યારે સંજોગો જોઈને તેમણે યહૂદીઓના કિલ્લાને ઘેરો ઘાલી દીધો કેમકે યહૂદીઓએ મુસલમાનોને ઘણાં કષ્ટ પહોંચાડ્યા હતાં અને મુશરિકો સાથે મળી જઈને ઈસ્લામ ધર્મને ખતમ કરી નાંખવાના પ્રયત્ન કર્યા હતાં. એટલે સુધી કે અનેક વખત રસૂલે અકરમ(સ.અ.વ.)ને કત્લ કરી દેવા સુધીના પ્રપંચ રચ્યાં હતાં.













આ જુઓ ! અબૂબકરની આગેવાની હેઠળ મુસ્લિમોએ યહૂદીઓ ઉપર હુમલો કરી દીધો પરંતુ અરે - તે તો કિલ્લાનો દરવાજો ઉઘાડી શક્યા નહીં અને સફળતા અને વિજય પ્રાપ્ત ન કરી શક્યાં.





ઓ હો ! તેમના પછી હવે ઉંમરને અલમ આપવામાં આવ્યો અને તેની આગેવાની નીચે મુસ્લિમોએ હુમલો કર્યો પરંતુ તે પણ સફળ થઈ શક્યો નહીં.



E-mail : hadimasik@yahoo.com



હવે શું કરીશું - આપણે તો ચારે બાજુ થી ઘેરાઈ ગયાં છીએ.
તેઓ તો કિલ્લામાં આરામથી છે અને અહિંયા આપણે ભૂખમરા અને અશક્તિથી મરવાની અણી ઉપર છીએ.
અલ્લાહના વહાલા નબી (સ.અ.વ.) ક્યાં ? અમારા પ્રાણ તેમના ઉપર કુરબાન આપણે તેમની જરૂર છે. તે ક્યાં છે ?
અલ્લાહના વહાલા નબી (સ.અ.વ.) તો અહિંયા જ છે પરંતુ તેમને તાવ આવ્યો છે.
અભિનંદન..અભિનંદન..આજે તમામ લોકોના મૌલા અલી (અ.સ.)ને અલમ આપવાની ઘોષણાં કરવામાં આવી છે.
પરંતુ અલી (અ.સ.)ની તો આંખો આવી ગઈ હતી પરંતુ તેના ઉપર નબી (સ.અ.વ.)એ પોતાની લાળ લગાવી તો તેમની આંખો સાજી થઈ ગઈ.
જુઓ..જુઓ.. ઈમામ અલી (અ.સ.)એ યહૂદીઓ ઉપર હલ્લો બોલી દીધો. તેમના શૂરવીરોને મારી નાખ્યાં અરે જુઓ તેમણે તો મરહબ જેવા મહાન શૂરવીરના પણ બે ટુકડા કરી નાખ્યા.
અલ્લાહો અકબર - અલ્લાહો અકબર - અલી એ મરહબનો વધ કરી દીધો. અલહમ્દોલિલ્લાહ.
અરે જુઓ અલી (અ.સ.) હવે ખયબરના દરવાજા સુધી પહોંચી ગયાં છે અને જેના બારણાંના બે પટોને ચાલીસ વ્યક્તિઓ ખોલી બંધ કરી શકતાં હતાં તેવા મજબૂત બંને પટોને હાથના એકજ ઝાટકે ઉખેડી નાખ્યાં છે હવે મુસલમાનો ખયબરના કિલ્લામાં પ્રવેશી ગયાં છે.
હવે તો ઈસ્લામનો વિજય નિશ્ચિત થઈ ગયો.



# વિશ્વની અજાયબી

## "વોયેજર-ઓફ ધ સીઝ" જગતનું સૌથી મોટું મુસાફર વાહક વાહન

હાલના સમયમાં મુસાફરોને લઈ જતાં વાહનોમાં સૌથી મોટા વાહનો પ્રવાસી જહાજો હોય છે. વોયેજર ઓફ-ધ-સીઝ (અથવા ટુંકમાં વોયેજર) તેના સાથી જહાજો સહિત સને ૨૦૦૩નું સૌથી મોટું પ્રવાસી જહાજ હતું. ફૂટબોલના ત્રણ મેદાનો કરતા પણ વધારે લાંબું ૬૫ મીટર (એટલે ૨૦ માળ ઉંચી ઈમારત જેટલું) ઉંચું 'વોયેજર' પ્રવાસી જહાજ એ એન્જિનીયરીંગની કમાલ કહેવાય છે. તે ફિનલેન્ડના જહાજવાડામાં તૈયાર કરવામાં આવેલ અને તેને સને ૧૯૯૯માં સમુદ્રમાં ઉતારવામાં આવેલ. તે રોયલ કેરીબીયન ક્રુઝ લાઈન્સ કંપનીની માલિકીનું જહાજ હતું. અને આ કંપનીના સૌથી મોટા પ્રવાસી જહાજોના બેડાનું તે પ્રથમ જહાજ હતું. તેનું વજન ૧ લાખ ૩૦ હજાર ટન છે અને એક નગરની વસ્તી જેટલી સંખ્યાના એટલે કે ૩૧૧૪ પેસેન્જરો લઈ જવાની તેની ક્ષમતા છે.

'વોયેજર' ૩૧૧ મીટર લાંબુ અને ૪૮ મીટર પહોળું છે. અને તે ૨૪ નોટસ (સમુદ્રી માઈલને નોટ કહે છે.)ની આશ્ચર્યજનક ગતિએ પ્રવાસ કરી શકે છે.

આ પ્રવાસી જહાજમાં નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે.

- એક પાંચ માળનું થીએટર
- કેટલાંય સ્વીમિંગ પુલ્સ
- આઈસ સ્કેટિંગ રિન્ક (બરફનું સ્કેટિંગ મેદાન)
- એક અતિભવ્ય શોપિંગ પ્લાઝા
- સંપૂર્ણ સુવિધાઓથી સુસજ્જ ફિટનેસ સેન્ટર જેમાં
  એક સ્પા અને ખડક ચઢાણનો અનુભવ કરાવતી દિવાલ પણ છે.



## કોમ્પ્યુટરની શોધ કેવી રીતે થઈ ?

૨૦મી સદીની એક અત્યંત મહત્વપૂર્ણ શોધ કોમ્પ્યુટર છે. પરંતુ ગણકયંત્ર (ગણત્રી કરી શકે તેવું યંત્ર) શોધવા ના કાર્યની ૧૭મી સદીમાં શરૂઆત થઈ ચુકી હતી. એક ફ્રેંચ ગણિતશાસ્ત્રી 'બ્લેઈઝ પાસ્કુલ' એ સૌ પ્રથમ યાંત્રિક ગણક યંત્ર બનાવ્યું હતું. તેમાં ડાયલ્સ સાથે જોડાએલા દાંતાઓની શ્રૃંખલાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તે પછી જોસેફ જે કાર્ડ એ એક સ્વયંસંચાલિત શાળ (લૂમ) બનાવી હતી જેમાં ડિઝાઈનોની પેટર્નને પંચ કરેલા (કાંણા પાડેલા) કાર્ડઝ દ્વારા નિયંત્રિત સંચાલિત થતી હતી. કોમ્પ્યુટરોમાં આ જે કાર્ડ લૂમ્સ (જે કાર્ડ શાળો) અત્યારે પણ પ્રચલિત છે. ઈ.સ. ૧૮૩૩ માં ચાલ્સ બે ગાગે ખરેખર કોમ્પ્યુટર કહી શકાય તેવું પ્રથમયંત્ર બનાવ્યું હતું. જેને તેણે 'વર્ગીકરણ કરી શકે તેવું યંત્ર' Analytical Engine નામ આપ્યું હતું. આ પ્રથમ'જનરલ પ્રોગ્રામેબલ કોમ્પ્યુટર' હતું. પરંતુ હજુ તે સમયની એંજીનિયરીંગ એટલી આધુનિક ન હોતી તેથી તે પૂર્ણ થઈ શક્યું નહોતું.

યુનાઈટેડ સ્ટેટસ (અમેરિકા) ની વસ્તી ગણત્રીની ગણત્રીઓને હજારો ગણી ઝડપી કરવા માટે હરમન હોલે રિથ એ કાણાંવાળા કાર્ડ (કાર્ડસ) નો ઉપયોગ કર્યો હતો. તે પછી બીજા વિશ્વયુધ્ધ દરમિયાન સને ૧૯૪૬માં યુ.એસ. કોમ્પ્યુટર ENIAC તૈયાર થયો હતો. લગભગ તે સમયગાળામાં જ કોનાર્ડ ઝુ નામના જર્મન ઈજનેરે પણ તે સિધ્ધાંતને આધારે જ એક કોમ્પ્યુટર મશીન બનાવ્યું હતું. જે ટીમે કે જેણે ENIAC બનાવ્યું હતું. તે ટીમે જ સને ૧૯૫૧માં UNIVEL બનાવ્યું હતું કે જેનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવ્યું હોય તેવું પ્રથમ કોમ્પ્યુટર હતું.



('કિડઝ-એજ' માંથી સાભાર)



E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

## વહાલા બાળકો !

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ : શહેઝાદીએ-કાએનાત ફાતેમા ઝહરા (સલા)ની વિલાદત અને શહાદત કયા ઈસ્લામી માસમાં થઈ હતી ?
(ક) જમાદીયુસ્સાની

પ્રશ્ન-૨ : રસૂલે ઈસ્લામ (સ.અ.વ.)ની વહાલી દીકરીની વિલાદત કયારે થઈ હતી ?
(બ) ૫-બઅસત

પ્રશ્ન-3 : શાહઝાદી-એ-કાએનાત (સલા.)ની શહાદત કયારે થઈ હતી ?
(ક)૧૧-હિજરી

પ્રશ્ન-૪ : બીબી ફાતમા (સલા.)ને કેટલાં સંતાન હતાં ?
(અ) ૫

પ્રશ્ન-૫ : જનાબ ઉમ્મે કુલસૂમ(સલા.)ની વફાત જમાદીયુસ્સાનીની કઈ તારીખે થઈ હતી ?
(બ) ૨૧

પ્રશ્ન-૬ : શાહઝાદી-એ-કાએનાત (સલા.)ની વાલિદા (માતા)નું નામ શું હતું ?
(ક) ખદીજા

પ્રશ્ન-૭ : બિલ્કીશના સિંહાસનને જનાબ સુલેમાન અ.સ.ના હુકમથી કોણ લઈ આવ્યું હતું ?
(ક) આસિફ બરખ્યા

પ્રશ્ન-૮ : બિલ્કીશ કયા દેશની મહારાણી હતી ?
(ડ) સબા

પ્રશ્ન-૯ : ઈમામ ખુમૈની (રહે.)એ રશ્દીને કત્લ કરવાનો ફતવો કયા વર્ષમાં આપ્યો હતો ?
(બ) ૧૯૮૯

પ્રશ્ન-૧૦: ઈમામ ખુમૈની (રહે.)ની જન્મની તારીખ કઈ છે ?
(અ) ૨૦-જમાદીયુસ્સાની

### "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (3) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : +91- 79 - 25892786, 94266 78614, 94266 78612, 97247 37865

**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


